# ચિલોડા પોલીસ ડાર્ક ફિલ્મવાળી ગાડી શોધવા સર્કલ પર કેમ જાય છે..!!

## ડાર્ક ફિલ્મવાળી ગાડીનો ટાર્ગેટ પોલીસ સ્ટેશનની અંદરથી જ પૂરો થઈ જાય તેમ છે : મોટાભાગના પોલીસ અધિકારી-કર્મચારી ચિલોડા પોલીસ સ્ટેશનમાં ડાર્ક ફિલ્મ અને નંબર પ્લેટ વગરની ગાડી લઈને આવે છે

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષકે ડાર્ક ફિલ્મ વાળી ગાડી પકડીને તેની ડાર્ક ફિલ્મ ઉતારી તેના ચાલકને દંડ ફટકારવાની કાર્યવાહી કડક કરવા સૂચના આપી છે ત્યારે ચિલોડા પોલીસે તો આ ડાર્ક ફિલ્મ વાળી ગાડી પકડવાનો ટાર્ગેટ પૂરો કરવા પોલીસ સ્ટેશનની બહાર પણ જવું ન પડે તેવી સ્થિતિ છે. ચિલોડા પોલીસ સ્ટેશનના મોટાભાગના વહીવટીયા કોન્સ્ટેબલો અને પોલીસ અધિકારી-કર્મચારીઓ કાર લઈને પોલીસ સ્ટેશન આવે છે અને તે તમામની કારમાં ડાર્ક ફિલ્મ લાગેલી છે તે ઉપરાંત કેટલાકને તો ગાડીમાં નંબર પ્લેટ પણ નથી. આવી સ્થિતિ હોવા છતાં પોલીસ સ્ટેશનમાં નજરના નાંખનાર પોલીસ ઈન્સ્પેક્ટર વાઘેલા તેમની ટીમ સાથે જાણે જાબાજ અધિકારી કોઈ મોટા ગુનેગારોને પકડવા નિકળ્યા હોય તેમ ચિલોડા સર્કલે ટાર્ગેટ પૂરો કરવા નીકળેલા ચિલોડા પીઆઈને તેમના પોલીસ સ્ટેશનના પાર્કિંગમાં થી જ ટાર્ગેટ થઈ જાય તેમ હતો.



પોલીસ સ્ટેશનના પાર્કિંગમાં પાર્ક કરવામાં આવેલી કેટલાક પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓની ગાડીઓમાં ડાર્ક ફિલ્મ તો છે જ પરંતુ તેના ઉપરાંત કેટલીક ગાડીઓમાં તો નંબર પ્લેટ પણ ન હતી. આ પાર્કિંગમાં પાર્ક થયેલી ફિલ્મ વાળી ગાડીઓ નો ફોટો પાડવા પહોંચેલો જાગૃત નાગરિક ફોટો પાડે તે પહેલાં જ પોલીસ સ્ટેશનમાંથી જાબાઝ કર્મચારીઓ બહાર આવી ગયા હતા અને પેલો જાગૃત નાગરિક ચોરી કરવા આવ્યો હોય તેમ તેને ઘઘલાઈ નાખ્યો હતો અને પોલીસે તેને બહાર કાઢી મૂક્યો હતો. ચિલોડા પોલીસ ડ્રાઈવ સઘન બનાવે તે જરૂરી છે પરંતુ તે પહેલાં પોતાના પોલીસ સ્ટેશનમાં જ એક નજર નાખીને નીકળે એ તેના કરતાં પણ વધુ જરૂરી છે. નોંધનીય બાબત એ છે કે કાળા કાચ વાળી ગાડી રાખવા પાછળનો પોલીસનો હેતુ અને સામાન્ય જનતાનો હેતુ અલગ હોય છે. તોડબાજ પોલીસ કારમાં શું વહિવટો થાય છે તે કોઈ જોઈ ન જાય તેના માટે કાળા કાચ રાખતા હોય છે. જ્યારે મોટાભાગના સામાન્ય કારચાલકો ક્યારેક તડકાથી બચવા તો ક્યારેક એસીનુ કુલિંગ વધુ આવે તે માટે તો ક્યારેક સંતાન નાનુ હોય અને ફીડિંગ કરતું હોય તેવા કિસ્સામાં માતાની પ્રાઈવસી માટે પણ ડાર્ક ફિલ્મ લગાવતા હોય છે. તો ડાર્ક ફિલ્મ હટાવવાની વધુ જરૂર પોલીસની ગાડીઓમાંથી છે. પણ એ તો સાહેબને જે ગમે તે ખરું..!



પહોંચી જાય છે. કાયદો દરેક માટે સરખો છે તો ડાર્ક ફિલ્મ ઉતારવાની શરૂઆત પોતાના પોલીસ સ્ટેશનથી અધિકારીએ કરવી જોઈએ તેવી પ્રબળ માંગ છે.

ચિલોડા સર્કલ ઉપર છેલ્લા બે દિવસથી ડાર્ક ફિલ્મ ઉતારવા માટેની ડ્રાઈવ ચિલોડા પોલીસે શરૂ કરી છે ત્યારે હાઈવે ઉપરથી પસાર થતાં કારચાલકોને ઉભા રખાવીને તેમની કારમાંથી ડાર્ક ફિલ્મ ઉતારી દઈ કડક કામગીરી કરી રહી છે. આ કામગીરી ખરેખર કાબિલેતારીફ છે. પરંતુ એક જાગૃત નાગરિક ચિલોડા પોલીસ સ્ટેશનમાં ગયો અને તેને નજર પાર્કિંગ ઉપર પડી ત્યારે તો સ્તબ્ધ થઈ ગયો હતો. સર્કલ ઉપર ડાર્ક ફિલ્મ વાળી ગાડીઓ શોધવા

# કુડાસણના જુગારમાં થયેલા ચર્ચાસ્પદ તોડકાંડનો ભાંડો ફૂટશે..!!

## ઈન્ફોસિટી પોલીસે પકડેલા ૯ જુગારીઓમાંથી ગાયબ કરી દીધેલા ૩ જુગારીઓને ઈન્કવાયરી દરમિયાન ડીવાયએસપીએ શોધી કાઢ્યા : વહિવટીયા બે કોન્સ્ટેબલોની બદલી

ગાંધીનગર તા ૨૬

ઈન્ફોસિટી પોલીસે થોડા સમય પહેલા કુડાસણમાં દરોડો પાડીને નવ જુગારીઓને પકડી લીધા હતા તેમાંથી માત્ર છ જુગારીને કાગળ પર બતાવી ત્રણ જુગારીઓ સાથે સેટીંગ કરી લઈ ગાયબ કરી લીધા હતા. આ પ્રકરણ બહાર ખુલ્લું પડતા ભારે ચર્ચાસ્પદ બન્યું હતું અને આ મામલે તપાસ કરવા જિલ્લા પોલીસ અધિક્ષકે ગાંધીનગર ડિવીઝનનાં ડીવાયએસપીને ઈન્કવાયરી પણ સોંપી હતી. ડીવાયએસપીએ કરેલી ઈન્કવાયરીમાં છ આરોપીઓનાં નિવેદનો લીધા હતા તેમાં છ નહિ પરંતુ નવ આરોપીઓ હોવાનો ઘટસ્ફોટ થયો હોવાનું ધ્યાને આવ્યું છે. ડીવાયએસપીએ તપાસ દરમિયાન ઈન્ફોસિટી પોલીસે ગાયબ કરી દીધેલા ત્રણ જુગારીઓના નામ પણ શોધી લીધા છે. ડીવાયએસપીની ઈન્કવાયરીનો રિપોર્ટ હજુ સબમિટ થયો નથી. રિપોર્ટ સબમીટ થયા બાદ તોડબાજોનો ભાંડો ફૂટશે તેવી શક્યતા છે. ગઈકાલે જિલ્લા પોલીસ અધિક્ષકે બંને કથીત તોડબાજ કોન્સ્ટેબલોની બદલી કરીને હેડક્વાર્ટર મૂકી દીધા હોવાનું જાણવા મળ્યું છે. દિવસ પીના રિપોર્ટ સબમિશન બાદ સસ્પેન્શનના હુકમ થાય તો નવાઈ નહીં.

થોડા સમય પહેલા ઈન્ફોસિટી પોલીસે રાત્રિના સમયે કુડાસણ માં દરોડો પાડીને નવ જુગારીઓને પકડી પાડયા હતા. નવે નવ શકુનીઓને રાત્રે ઈન્ફોસિટી ચોકી લઈ જવાયા હતા અને સવારે જામીન લેવા માટે મોકલવામાં આવ્યા હતા. આ દરમિયાન પકડાયેલા નવ જુગારીઓના મોબાઈલો અને વાહનો ન બતાવવા માટે પોલીસે સવા લાખ રૂપિયાનો તોડ કર્યો હોવાની ચર્ચા હતી. તે ઉપરાંત બીજા દિવસે જુગારની આ માહિતી મીડિયાથી છુપાવવામાં આવી હતી. જે અંગે ઊંડી તપાસ કરતા જાણવા મળ્યું હતું કે પોલીસે નવ આરોપીઓ પૈકી માત્ર છ આરોપીઓ જ કાગળ ઉપર બતાવ્યા છે. બાકીના અન્ય ત્રણ જુગારીઓના કાગળ ઉપર નહી બતાવવા માટે તેમની પાસેથી પણ સવા લાખ રૂપિયાનો તોડ થયો હતો. મોબાઈલ અને વાહનો નહિ બતાવવા માટે સવા લાખ તથા ત્રણ જુગારીઓને ગાયબ કરવા માટે સવા લાખ મળીને કુલ અઢી લાખ રૂપિયાનો તોડ આ કેસમાં થઈ ગયો હતો. સમગ્ર મામલો બહાર આવતા આ ઘટનાની તટસ્થ તપાસ કરાવવા જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ ગાંધીનગર ડિવિઝનના ડીવાયએસપી એમ.જે.સોલંકી ને ઘટનાની ઈન્કવાયરી સોંપી હતી. તો બીજી તરફ એલસીબીને ગાયબ કરવામાં આવેલા ત્રણ જુગારીઓને શોધવા તપાસ સોંપી હતી. ગાંધીનગર ડીવાયએસપીએ ચોકી ની આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવી તપાસ કરી અને કાગળ ઉપર બતાવેલા છ આરોપીઓને બોલાવીને તેમના આ બાબતે નિવેદન લીધા. જેમાં સ્ફોટક વિગતો બહાર આવી હોવાનું જાણવા મળ્યું છે. નવ આરોપીઓ પકડાયા હોવાનું ખૂલ્યું છે. ઈન્કવાયરીનો રિપોર્ટ સબમિટ થવાના આરે છે. જેમાં આ તોડકાંડનો પર્દાફાશ થશે. રિપોર્ટમાં આ બાબતો બહાર આવશે તો તોડબાજ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ પણ કરવામાં આવે તેવી શક્યતા છે. તો બીજી તરફ ગઈકાલે જિલ્લા પોલીસ વડાએ ૧૮ પોલીસ કર્મચારીઓની બદલી કરી છે તેમાં કથિત આ બંને તોડબાજ કોન્સ્ટેબલોની પણ હેડક્વાર્ટરમાં બદલી કરી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ૧૮ પોલીસ કર્મચારીઓની બદલી ની યાદીમાં માણસાના બે પોલીસ કર્મચારીઓ પણ હોવાનું ધ્યાને આવ્યું છે. લોદરા માં ચાલતા જુગારધામ પર એલસીબી એસઓજીની ટીમે દરોડો પાડ્યો હતો તે કેસમાં અંદરખાને આ વહીવટદારોએ છુપી સંમતિ આપી દીધી હોવાની પણ શક્યતા આવશે. તેની પણ ઈન્કવાયરી ચાલી રહી છે અને તેના રિપોર્ટ બાદ આ બાબતનો પણ ઘટસ્ફોટ થાય તેવી શક્યતા છે.

# સરગાસણ ચોકડી પાસે જોખમી ખાડો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરને અડીને આવેલા સરગાસણ ચોકડી પાસે ઝોખમી ખાડો પડ્યો છે. ચાર રસ્તા પાસે ખાડો હોવાથી વાહન ચાલકોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. ત્યારે તંત્ર દ્વારા રાત્રીના સમયે કોઈ વાહન ચાલકો અંદર પડી ન જાય તે માટે બેરીકેટ્સની આડશ મુકવામાં આવી છે.

ગાંધીનગર શહેર નજીક સરગાસણ વિસ્તાર ન્યું ગાંધીનગર તરીકે ઉભરી આવ્યો છે. સરગાસણ ચોકડીથી રોજના હજ્જારો વાહનોની અવર-જવર થાય છે. ત્યારે સરગાસણ ગામથી અમદાવાદ તરફ જવાના માર્ગ પર ચોકડી પાસે મોટો ખાડો પડ્યો છે. આ સ્થળ કે તેની આસપાસના વિસ્તારમાં અગાઉ પણ મોટો ખાડો પડ્યો હતો. જે તાત્કાલીક ધોરણે તંત્ર દ્વારા કોઈ અનિચ્છનીય બનાવ બને તે પહેલા પુરી દેવાયો હતો. નજીકમાં શોંપીગ સેન્ટરો તેમજ કોમ્પ્લેક્ષો આવેલા હોવાથી નાગરીકોની ચહલ પહલ વધુ જોવા મળે છે. રાત્રીના સમયે પણ ભારે વાહનોનો ધસારો ચોકડી પર રહે છે. ત્યારે ચોમાસાની સિઝનમાં ખોદકામને પગલે માટી બેસી જવી તેમજ કાર ફસાઈ જવાના કિસ્સા સામે આવી રહ્યા છે. ત્યારે રાત્રીના અંધકારમાં કોઈ વાહન ચાલક પડી જાય તો મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે. ત્યારે સ્થાનિક નાગરીકો દ્વારા વૃક્ષની ડાળીઓ તેમજ બેરીકેટ્સની આડશ મુકવામાં આવી છે. જેથી વાહનચાલકોને ખાડાની જાણ થઈ શકે છે. ચોમાસાની સિઝનને ધ્યાને રાખીને તંત્ર દ્વારા તાત્કાલીક અસરથી ઝોખમી ખાડો પુરવામાં આવે તેવી માંગ ગ્રામવાસીઓ તેમજ સ્થાનિકોમાં ઉઠવા પામી છે.



## વાતવાતમાં

- મંગળવારે ગાંધીનગર જિલ્લામાં અભયમ્ મહિલા સંમેલનના આયોજનને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરાઈ છે.
- આજે પાટનગરમાં મિઠાઈ સિવાયની લગભગ દુકાનો બંધ રહી હતી. મિક્સ મિઠાઈ અને ખમણ તેમજ પાત્રાનું વેચાણ વધુ થતુ જોવા મળ્યુ હતુ.
- આજે મનપા દ્વારા સે. ૨૨ના રંગમંચ સહિત ત્રણ લોકાર્પણના કાર્યક્રમો અને નવીન ફાયર સ્ટેશનના બિલ્ડીંગની ખાત વિધિનો કાર્યક્રમ યોજાયો છે.
- ગાંધીનગર શહેરની પાર્કિંગની સમસ્યા ખુદ મનપાને પણ સતાવી રહી છે અને તેના વાહનો જ હવે જુદી જુદી વોર્ડ કચેરી તેમજ અન્ય વિસ્તારોના ખુલ્લા પ્લોટમાં કરવામાં આવી રહેલ છે.
- મિશન ઓરી-રૂબેલા માટે અગાઉ કરાયેલ આયોજનો રિશિડ્યુલ્ડ કરવાની કવાયત તંત્રે આરંભી છે.

# રક્ષાબંધનને પર્વને લઈ ખાનગી વાહનચાલકોને બખ્ખા

ગાંધીનગર, તા. ૨૬

રક્ષાબંધન પર્વને લઈ શહેરમાં માર્ગો પર મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો હતો. રવિવારની રજા હોવાથી મોટાભાગનું બજાર બંધ હતું પરંતુ અમદાવાદ તરફનો વાહન વ્યવહારમાં ભારે તેજી જોવા મળી હતી. કેટલાક ખાનગી વાહન ચાલકોએ ઘેટા બકરાની જેમ મુસાફરો ભરીને ભાડામાં પણ વધારો ઝીંકી દીધો હોવાના કિસ્સા સામે આવ્યા છે. જયારે પર્વને લઈ માર્ગ પર ઠેરઠેર મુસાફરો બસ તેમજ વાહનોની રાહ જોતા નજરે પડતા હતા.

રાજયના પાટનગરમાં મધ્યમાં આવતું હોવાથી મુસાફરોની આવન-જાવન વિશેષ રહે છે. રોજના હજ્જારો મુસાફરો ગાંધીનગરથી વિવિધ સ્થળોની મુલાકાત લેતા હોય છે. ગાંધીનગરથી દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર સહિત રાજસ્થાન અને સાબરકાંઠાના વાહન વ્યવહારને જોડતો હોવાથી મુસાફરોની સંખ્યા શહેરમાં વિશેષ રીતે જોવા મળતી હોય છે. રક્ષાબંધન પર્વને લઈ આજે ગાંધીનગર શહેરના મુખ્યમાર્ગો પર ભીડ જામી હતી. બસો પણ મુસાફરોથી ખીચોખીચ ભરેલી આવતી હતી.

ત્યારે મુસાફરોને ના છુટકે ખાનગી વાહનોમાં મુસાફરી કરવાનો વારો આવ્યો હતો. અમદાવાદ તરફના વાહનો પાંચ પાંચ મિનિટમાં ભરાઈ જતા હતા. તો બીજી તરફ મુસાફરોના ધસારાને તેમજ રજાનો લાભ લઈ કેટલાક વાહન ચાલકોએ ભાડામાં તોંતિગ વધારો ઝીંકી દીધો હતો. ખાનગી વાહનોમાં જીવના ઝોખમે મુસાફરી કરીને વધુ નાણા ચુકવ્યા હતા. જયારે રજાના પગલે ખાનગી વાહનચાલકોને બખ્ખા થઈ ગયા હતા. ત્યારે ગાંધીનગરના માર્ગો રજા હોવાથી સુમસામ લાગતા હતા પરંતુ ઘ માર્ગ દિવસ દરમિયાન ધમધમતો રહ્યો હતો. જયારે કેટલાક મુસાફરોને બસ મુસાફરોથી ભરેલી આવતી હોવાથી તેમજ વાહન ન મળવાથી પરત ઘરે ફરવાનો વારો પણ આવ્યો હતો.

# સે-૬ ભુવનેશ્વર મંદિર ખાતે મહાઆરતી યોજાશે

ભુવનેશ્વર મહાદેવ મંદિર સેકટર-૬ ડી ખાતે તા. ૨૭ ઓગસ્ટના રોજ શ્રાવણ માસના ત્રીજા સોમવાર નિમિતે સોભાગ્ય દ્રવ્ય અબીલ-ગુલાલના અવિરત અભિષેક સાથે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૭.૩૦ કલાકે યોજાનાર મહાઆરતીનો લાભ લેવા ભાવિક ભકતોને જણાવાયું છે.

# CM કો ગુસ્સા ક્યું : 'હું બોલું તે GR', 'હું કહું તેમ થવું જોઈએ', હોદ્દો છોડી દો, બીજા લાઈનમાં છે'

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતમાં ૧૬ મુખ્યમંત્રી આવી ગયા છે પરંતુ સૌથી વધુ ગુસ્સાવાળા મુખ્યમંત્રી કોણ- તો, જેમણે ગુજરાતમાં ૧૩ વર્ષ સુધી શાસન કર્યું છે તે નરેન્દ્ર મોદીનો ગુસ્સો કેબિનેટના સભ્યોએ જોયો છે. મુખ્યમંત્રીનું ધાર્યુ ન થાય તો કેબિનેટના મંત્રી સહિત વિભાગના ઓફિસરોને ઠપકો મળતો હતો. મોદીથી આખું સચિવાલય ડરતું હતું. તેઓ જયાં સુધી સચિવાલયમાં બેઠા હોય ત્યાં સુધી કોઈ અધિકારીની હિંમત ન હતી કે ઉભા થઈને ઘરે જાય. તેમની સચિવાલયમાં ધાક હતી. મંત્રીને પણ તેઓ કહેતા-'રહેવા દો, ના થાય તો બીજા લાઈનમાં છે.' એ પછી ચીમનભાઈ પટેલનું શાસન ધાકવાળું હતું. તેઓ વિપક્ષના સભ્યને પણ ધમકાવી નાંખતા હતા. એક વખતે તેમણે વિભાગના અધિકારીને કામ સોંપ્યું હતું પરંતુ અધિકારીએ જીઆરનું બહાનું બતાવી કહ્યું કે સરકારના નિયમ પ્રમાણે કામ થાય તેમ નથી ત્યારે ચીમનભાઈ પટેલનો પિત્તો ગયો અને અધિકારીને કહ્યું કે, 'આ ચીમન પટેલ કહે તે જીઆર. હું જે બોલું છું તે જીઆર છે. કામ ન કરવું હોય તો ઘરે બેસવું પડશે...' પછી કોઈની મજાલ છે કે મુખ્યમંત્રીને નિયમ બતાવે... તેમના પછી શંકરસિંહ વાઘેલાનો વારો આવે છે. તેઓ ગુસ્સાવાળા હતા. મંત્રીઓ અને અધિકારીઓને ખખડાવી નાંખતા હતા. તેમણે એક કામમાં ઓફિસરને સીધું કહ્યું હતું કે 'મારી સરકારમાં હું જે કહું તે થવું જોઈએ.' આ ત્રણ મુખ્યમંત્રી બીજા મુખ્યમંત્રીઓ કરતાં અલગ તરી આવ્યા હતા. આ ત્રણેય પાસે વહીવટીતંત્ર પર પક્કડ હતી. આ ત્રણેયમાં અલગ અલગ પટેલ, ક્ષત્રિય અને ઓબીસી જ્ઞાતિનું પ્રભુત્વ છે. એ સિવાય માધવસિંહ સોલંકી અને અમરસિંહ ચૌધરીની પણ સરકારમાં પક્કડ હતી પરંતુ તેઓ મૃદુતાથી સમજાવતા હતા. ભાગ્યેજ તેઓ કોઈ ઓફિસર કે મંત્રી પર ગરમ થયા હશે...

### લગ્નભંગ થાય તો એ વેદના કેવી હોય, બીજા લગ્નના રૂપિયા પણ બચ્યાં ન હોય

**હાર્દિકને છોડનારા હવે સચિવાલયમાં ફરે છે...**

ગુજરાતમાં જે આનંદીબહેન પટેલ ન કરી શક્યા તે કામ રૂપાણી સરકારે કર્યું છે. પાટીદાર અનામત આંદોલનને શાંત કરવામાં અથવા તો તેને તોડી પાડવામાં રૂપાણી સરકાર આક્રમક રહી છે તેવું સચિવાલયમાં ચર્ચાઈ રહ્યું છે. આનંદીબહેન પટેલના શાસનમાં બે વર્ષ સુધી અનામત આંદોલન સળગતું રહ્યું હતું અને તેનાથી સરકાર પરેશાન અને બેચેન હતી, પરંતુ રૂપાણી સરકારમાં નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે પાટીદારોનો ઈસ્યુ હાથ પર લેતાં હાર્દિક પટેલ એકલો પડી ગયો છે પરંતુ ભાજપની સરકાર માટે નવી મુસિબત ઉભી થઈ છે. હાર્દિકના મૂળ સાથીદારો ભાજપમાં તો જોડાઈ ગયા છે પરંતુ તેમના આંટાફેરા ગાંધીનગરમાં વધી ગયા છે. સચિવાલયના વિભાગો અને મંત્રીઓની ચેમ્બરમાં પાટીદાર યુવા આગેવાનો કોઈને કોઈ કામ લઈને આવતા થયાં છે. આ યુવા નેતાઓના માથે પહેલાં કોઈ પાર્ટીનું લેબલ ન હતું પરંતુ હવે ભાજપના સિમ્બોલ તેઓ 'કંઈપણ' કરી શકે છે. આ નેતાઓને ભાજપમાં લેવાથી પાર્ટી કે સરકારને ફાયદો થયો છે કે નુકશાન તે આગળના ભવિષ્યમાં ખબર પડશે. હાલ તો નિતીન પટેલ આંદોલન તોડી નાંખ્યું છે તે મુદ્દા પર નિરાંતનો શ્વાસ લઈ રહ્યાં છે.

**ઓફિસરોનું પરફોર્મન્સ, તો મંત્રીનું કેમ નહી...**

સચિવાલયમાં વિભાગના અધિકારીઓનું પરફોર્મન્સ જોવામાં આવે છે પરંતુ કેબિનેટના સભ્યોનું પરફોર્મન્સ જોવામાં આવતું નથી. તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કેબિનેટના સભ્યોનો હિસાબ લેવાની વ્યવસ્થા કરી હતી પરંતુ વિજય રૂપાણીની સરકારમાં કેબિનેટના સભ્યોને શાંતિ છે કારણ કે તેમના વિભાગના કામનો કોઈ હિસાબ લેવાતો નથી. જે કોઈ મંત્રી તેના વિભાગના હિસાબમાં ઉણો ઉતરે તો તેને ઠપકો મળતો હતો પરંતુ આ સરકારમાં એવું કંઇ નથી. વિભાગના મંત્રીઓ તેમની રીતે કામ કરતા જાય છે. સભ્યો પાસેથી હિસાબ લેવાની સિસ્ટમ લાગુ કરવામાં આવી નથી. રૂપાણી સરકારે સરકારના કેબિનેટ સભ્યોનો હિસાબ લેવો જોઈએ, કેમ કે મોદી સરકારમાં ઓફિસરોની સાથે મંત્રીઓનો પણ હિસાબ માગવામાં આવતો હતો. અત્યારે મુખ્યમંત્રી સમક્ષ જે પ્રેઝન્ટેશન થાય છે તેમાં વિભાગના ઓફિસરને જવાબદાર માનવામાં આવે છે. એક સનદી અધિકારીએ કહ્યું હતું કે સરકાર અમારા કામનો હિસાબ માગે છે તો કેબિનેટનો કેમ માગતી નથી. સરકારમાં શું નવું કરવું છે તેનું ફિડબેક મંત્રીઓ પાસેથી મળતું નથી, એ ઈનિશિયેટીવ તો ઓફિસરે જાતે જ લેવું પડે છે. જવાબ સરળ છે-- ચીફ મિનિસ્ટર લો પ્રોફાઈલ અને ખૂજ જ સરળ વ્યકિતત્વ ધરાવે છે.

### હાર્દિક પટેલને છોડનારા યુવા આંદોલનકારીઓને ખરેખર લોટરી જ લાગી ગઇ છે

**રજનીશ રાય-ગુજરાત આવી રહ્યાં છે...**

ગુજરાત કેડરના એક આઈપીએસ અધિકારી રજનીશ રાય ગુજરાતમાં પાછા આવી રહ્યાં છે. ૧૯૯૨ની બેચના આ અધિકારી ૨૦૧૪થી સેન્ટ્રલ ડેપ્યુટેશન પર ફરજ બજાવે છે. તેમના વાઈફ વત્સલા વાસુદેવાએ પણ બે વર્ષની રજાઓ પછી ગુજરાત સરકારની નોકરી જોઈન્ટ કરી છે. તેઓ આંધ્રપ્રદેશના ચિત્તુરમાં સીઆરપીએફ ટ્રેઈનિંગમાં આઈજીપી છે. રજનીશરાય એક એવા પોલીસ અધિકારી છે કે જેમણે ગુજરાતના નકલી એનકાઉન્ટરના કેસોમાં ઘણાં પોલીસ અધિકારીઓની પૂછપરછ કરી હોવાથી સરકારના અળખામણા બની ગયા હતા. તેમની વારંવાર બદલીઓ થઈ છે. હવે તેમના વાઈફ ગુજરાત સરકારમાં પાછા આવ્યા છે ત્યારે તેમને પતિ-પત્નિને એક જગ્યાએ રાખવાના નિયમ પ્રમાણે ગુજરાતમાં પોસ્ટીંગ મળી શકે છે. તેમના વાઈફ અને ગુજરાત કેડરના આઈએએસ ઓફિસર વસ્તલા વાસુદેવાને સરકારે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કંપની--વડોદરામાં મેનેજીંગ ડિરેક્ટરના પદે નિયુક્ત કર્યા છે. પત્નિની નોકરી ગુજરાતમાં હોવાથી રજનીશ રાયની ગુજરાતમાં પાછા ફરવાની શક્યતાઓ પ્રબળ બનતી જાય છે.

### વિભાગની નબળી કામગીરીમાં ઓફિસર જવાબદાર તો કેબિનેટના સભ્ય કેમ નહીં

**શહેરોમાં દબાણલીલા-પરિસ્થિતિ જૈસે થે...**

ગુજરાતી કહેવત છે કે આરંભે શૂરા.. હાઈકોર્ટના આદેશ પછી અમદાવાદ સહિતના રાજ્યભરમાં શહેરોમાં પાર્કિંગ ખુલ્લા કરી, ટ્રાફિક નિયમન માટે દબાણો દૂર કરવામાં આવ્યા હતા. એક સપ્તાહ સુધી ઝુંબેશ મસ્તરીતે ચાલી પરંતુ હવે ફરી પાછી એની એ જ હાલતનો સામનો કરવો પડી રહ્યો છે. અમદાવાદના કેટલાક વિસ્તારોમાં પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો છે પરંતુ અન્ય શહેરોમાં આ ઝૂંબેશ સમાપ્ત થઈ છે. બધું પૂર્વવત થયું છે. જ્યાં સુધી કઠોર દંડ નહીં હોય ત્યાં સુધી લોકો સુધરવાના નથી. ગાંધીનગરમાં પણ મ્યુનિસિપલ કમિશનર દ્વારા દબાણ ઝૂંબેશ શરૂ કરવામાં આવી હતી પરંતુ વહાલા-દવલાંની નીતિ પ્રમાણે ભાજપના નેતાઓના ગેરકાયદે દબાણોને પોલીસે ટચ પણ કર્યા નથી. સેક્ટર-૨૧માં ટ્રાફિક નિયમન જળવાઈ રહ્યું છે પરંતુ સેક્ટર-૧૧ અને કુડાસણની ખાઉધરા ગલીમાં ફરી પાછી સ્થિતિ યથાવત થઈ છે. માર્ગો પર બેરોકટોક વાહનો પાર્કિંગ થાય છે. ફુટપાથ પર ખાણી-પીણીની લારીઓ ગોઠવાઈ ગઈ છે. ટ્રાફિક નિયમનના ચિંધરા ઉડી રહ્યાં છે, કારણ એવું છે કે શહેરનો પ્રત્યેક વાહનચાલક તેની જાતને વીવીઆઈપી માને છે. પોલીસને પણ ધમકાવે છે. આ શહેરમાં પોલીસ નવું કંઈ કરવા જાય તો કોઈ ગાંઠતું નથી, કારણ કે આ પાટનગર છે. પોલીસે પણ હારી, થાકી અને નિરાશ થઈને ઝૂંબેશ પડતી મૂકી છે.

**પાડોશી રાજ્યો વધુ પારદર્શક બન્યા છે...**

ગુજરાતના પાડોશી રાજ્યોમાં ફાઈલ નિકાલની સિસ્ટમ એટલી ઝડપી છે કે અરજદારોને ધક્કા ખાવા પડતા નથી. ઉદ્યોગ વિભાગની ફાઈલને સાત દિવસ કરતાં વધુ સમય સુધી મુકી રાખવામાં આવતી નથી કે તે ફાઈલ પર પેન્ડીંગ લખવામાં આવતું નથી. આ રાજ્યોમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને હવે રાજસ્થાન ટોચક્રમે છે. ગોવામાં પણ સરકાર રિયલ સેન્સમાં ગતિશીલ બની છે. ગુજરાતમાં પ્રગતિશીલ સરકાર એવું નામ આપવામાં આવ્યું છે. સરકારી બાબુઓ કામમાં ઝડપ કરે છે પરંતુ જિલ્લાકક્ષાએથી નેગેટીવ નોટીંગ આવે છે ત્યારે ફાઈલને ફરીથી ચક્કર લગાવવા પડે છે અને અરજદાર તેમજ સરકારનો સમય બરબાદ થાય છે. એક ઓફિસર બે વિભાગોના ચાર્જમાં હોય તેવા સંજોગોમાં બન્ને વિભાગોના કામો પર માઠી અસર થાય છે. એવામાં જો ઓફિસરની બદલી થાય તો અરજદારને એકડો ઘૂંટવો પડે છે. કહેવાય છે કે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ માત્ર સાત દિવસમાં જ ઔદ્યોગિક એકમની ફાઈલ વિવિધ મંજૂરીઓ સાથે ક્લિયર કરી દેતા હોય છે. હવે તો છત્તીસગઢ અને ઉત્તરપ્રદેશની સરકાર સામેલ થઈ છે. ફાસ્ટટ્રેક સિસ્ટમ કોને કહેવાય તે ગુજરાતના અરજદારો જાણતા નથી પરંતુ પાડોશી રાજ્યોના અરજદારો જાણી ગયા છે.

**બેટા દેવું કરીને બીજા લગ્ન ન થાય...**

પુત્રની શાદી કરનારા એક પિતાની વ્યથા સાંભળવા જેવી છે. દિકરાની ધામધૂમથી શાદી કરી નાંખી અને ૧૦ લાખનો ખર્ચ કર્યો. સામેપક્ષે પણ ૧૦ લાખનો ખર્ચ થયો. શાદીના છ મહિના પછી નોકરી કરતા નવયુગલ વચ્ચે તકરાર થવા લાગી. 'મારે તારી સાથે રહેવું નથી'પ એમ કહીને કન્યા ઘર છોડી બધાં દાગીના લઈને નિકળી ગઈ, પછી ડાયવોર્સની નોટીસ મોકલીપ ખુલ્લા દિલના પિતાએ તેના દિકરાની સહી કરાવી આપી અને બન્ને છૂટા થઈ ગયા. હવે સવાલ એ આવે છે કે દિકરાના બીજા લગ્ન માટે પિતા પાસે ૧૦ લાખ રૂપિયા નથી. તેણે દિકરાને સમજાવ્યો, કે 'બેટા, દેવું કરીને બીજા લગ્ન પોસાય તેમ નથી તેથી સાદાઈથી લગ્ન કરો તો સારૂં...' દિકરો સમજું હતો, કહે- 'પાપા, ચિંતા ન કરશો. હું સાદાઈથી લગ્ન કરીશ.' પિતાની આંખમાં આસું આવી ગયા. આ પિતાએ અન્ય મા-બાપ માટે ચોંકાવનારી પરંતુ વર્તમાન સમાજમાં આવશ્યક એવી એક સલાહ આપી છે "દિકરા કે દિકરીની શાદી સાદાઈથી કરો, ચાલ્લાનો મોહ ન રાખો, લગ્નજીવન એક વર્ષ ટકે તે પછી જેટલી ધામધૂમથી રિસપ્શન કરવું હોય એટલું કરો. હા, જેટલો ખર્ચ કરવા માગો તે બન્ને યુગલના નામે બેન્કમાં ફિક્સ કરી દો" આ પિતાની હૈયાવેદના આજના સમાજને સ્પર્શી જાય તેવી છે. આ પરિવારની સચ્ચાઈનો રણકો છે.